પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૪/૦૫/૨૦૨૧ થી તા.૩૦/૦૫/૨૦૨૧** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

(૧) હાર્બર મરીન પો.સ્ટે. ગુમ રજી.નં.૦૫/૨૦૨૧ તા.૨૪/૦૪/૨૦૨૧ ના ગુમ થનાર પુજાબેન ડો/ઓ દેવશીભાઇ દુલાભાઇ સુડાવદરા ઉ.વ.૧૯ રહે. કુછડીગામ પીળાગાર સીમ વાડી વિસ્તાર પોરબંદર વાળીને તા.૨૯/૦૫/૨૦૨૧ ના રોજ HC બી.ડી.વાઘેલા તથા PC રાજુભાઇ દેવશીભાઇ એ પોરબંદરથી શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય :-**

(૧) રાજસ્થાન સિરોહી મહિલા પોલીસ સ્ટશન ગુ.ર.નં.૪૮/૨૧ આઇ.પી.સી. ક. ૩૮૪,૩૬૬, ૩૭૬,૩૪૨,૧૨૦(બી) વિગેરે મુજબ આરોપીએ ૧ કીલો ચાંદી આરોપી પોરબંદર ખાતે ફરવા માટે આવતા આરોપી પાસે પૈસા ન હોવાથી સાહેદ રાજેન્દ્રભાઈ ચુનીલાલ લોઢીયા રહે. પોરબંદર વાળાને ૧ કીલો ચાંદિ આપેલ અને કહેલ કે હુ આ પછી છોડાવી જઈશ. બાદ રાજસ્થાન શીવગંજ નામદાર કોર્ટમાં આરોપી સામે એમ.કેસ. થયેલ જે ગુનાના કામેનો મુદામાલ ચાંદી હોય જે મુદામાલની તપાસના કામે પી.આઈ.શ્રી દિક્ષા સાહેબ તથા સ્ટાફના માણસો આવતા ગુનાના કામે ગયેલ મુદામાલ ૧ કિલ્લો ચાંદી ચોરસા નંગ-૨ કિ.રૂ.૫૫૦૦૦/- નો સાહેદ રાજેન્દ્રભાઈ ચુનીલાલ લોઢીયા રહે. પોરબંદર વાળા પાસેથી રીકવર કરાવવામાં આવેલ. આમ ઉપરોક્ત ગુનાના કામે રાજસ્થાન પોલીસને ૧૦૦ ટકા મુદામાલ રીકવર કરવામાં કીર્તિમંદિર પો.સ્ટે.ના પો.ઇન્સ.શ્રી એચ.એલ.આહિર તથા પો.સબ.ઇન્સ., શ્રી આર.એલ.મકવાણા,UHC એમ.કે.માવદીયા, બી.પી.કારેણા તથા PC ભીમાભાઇ દેવાભાઇ ઓડેદરા, ભરત નાથાભાઇ શીંગરખીયા વિગેરેએ પ્રશંસનીય કામગીરી કરેલ.

(૨) કીર્તિમંદિર પોલીસ સ્ટેશન, પોરબંદર ગુ.ર.નં. ૫૨૧/૨૧ IPC.ક.૩૦૭,૩૨૩,૩૨૪,૩૨૫,૫૦૪,૫૦૬(૨), ૧૪૩ ,૧૪૭, ૧૪૮, ૧૪૯, જીપી.એકટ ક.૧૩૫ મુજબ અશોક કરશનભાઇ સોનેરી કીર્તિમંદિર પાછળ, ખારવાવાડ,પોરબંદર. ફરીયાદીના મિત્ર(ઈજા પામનાર) અશોકભાઈ કોટીયાને આરોપી નં.૧ સાથે આશરે દોઢેક મહીના પહેલા અણબનાવ બનેલ હોય જેનું મનદુખ રાખી આરોપીઓ એકસંપ થઈ ફોરવ્હીલમાં આવી આરોપી નં.૧ નાએ અશોકભાઈને પડખામા છરીના ઘા મારી તથા આરોપી નં.૨ થી ૬ નાઓ ફોરવ્હીલમાં સવાર થઈ આ કામના ફરિયાદીને ફોરવ્હીલની ઠોકર મારી ડાબા હાથમાં ફ્રેક્ચર કરી તથા માથામાં તેમજ આંખ ઉપર ઈજા કરી તેમજ ઈજા પામનાર હેમેન લોઢારીને પણ ફોરવ્હીલની ઠોકર મારી માથામા ઈજા કરી તેમજ આરોપીઓએ જતી વખતે ઈજા પામનાર રતનબેન જુંગીને ધક્કોમારી હાથમાં મુંઢ ઈજા કરી ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ગેરકાયદેસર મંડળી રચી એકબીજાની મદદગારી કરી મ્હે.જીલ્લા મેજી.સા.ના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ. પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગ દરમ્યાન ખારવાવાડ લાતીબજારના નાકે સોહમ મીલ સામે જાહેર રોડ પર પહોચતા બકરા માર્કેટ તરફથી એક ફોરવ્હીલ આવતી હોય, જેને જેમની તેમ રોકી ચેક કરતા ફોરવ્હીલમાં ત્રણેક ઈસમો બેઠેલ હોય જેને બહાર કાઢી નામ પુછતા જેમાં કાર ચાલકે પોતાનુ નામ નં(૧) જીતુ માવજી કોટીયા, (૨) ચંદ્રેશ માવજી કોટીયા, (૩) ભાવિન કિશોર શેરાજી,રહે. તમામ ખારવાવાડ,પોરબંદરવાળા હોવાનુ જણાવેલ તથા તેમની સાથે બનાવ વખતે હાજર અન્ય સહ આરોપીઓ બાબતે પુછપરછ કરતા નં.(૪) તુષાર મનસુખ ગોહેલ,રહે.ખારવાવાડ, તથા નં(૫)કલ્પેશ મુકાદમ,રહે.ખારવાવાડ, પોરબંદરવાળા ખારવાવાડમા આવેલ અધ્યારૂ શેરી બાજુ હોવાનુ જણાવતા તુરત આરોપીની કાર સાથે સદર જગ્યાએ જઇ જોતા આરોપી નં-૪ તથા ૫ શેરીના ખુણે લપાયેલ છુપાયેલા જોવામા આવતા મજકુર આરોપીને જેમના તેમ પકડી પાડી પુછપરછ કરતા સદર ગુનાના કામેના મજકુર આરોપીઓ હોવાનુ જણાતા મજકુર આરોપીઓને મોટરકાર સહીત વધુ પુછપરછ અર્થે પો.સ્ટે લાવી આરોપીઓને નામદાર સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ કોવિડ-૧૯ નો RT-PCR ટેસ્ટ કરાવી રીપોર્ટ નેગેટીવ આવતા સદર ગુનાના કામે અટક કરી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે. કીર્તિમંદિર પો.સ્ટે.ના પો.ઇન્સ.,શ્રી એચ.એલ.આહિર,પો.સબ.ઇન્સ.,શ્રી આર.એલ.મકવાણા, HC બી.પી. કારેણા એમ.કે.માવદીયા, PC ભીમાભાઈ દેવાભાઈ ઓડેદરા, ભરતભાઇ

શીંગરખીયા,વિપુલ રાયસીંહભાઈ ઝાલા, વિશાલ રવજીભાઈ વિંજુડા,અરવિંદ કાનાભાઈ શામળા, પુંજા અરજણભાઈ વિગેરે રોકાયેલ હતા.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહિતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો:-**

(૧) તા.૨૪/૦૫/૨૦૨૧ થી તા.૩૦/૦૫/૨૦૨૧ સુધી કિર્તીમંદિર પો.સ્ટે. ના અધિકારી/કર્મચારીઓ દ્વારા પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગ દરમ્યાન કોવીડ-૧૯ ના સક્રમંણને ધ્યાને લઈ ૧૫૨ માસ્કનુ વિતરણ કરવામાં આવેલ. લોકોને કોવીડ-૧૯ બાબતે સરકારશ્રીએ બહાર પાડેલ ગાઈડલાઈનનુ પાલન કરવા અને કોવીડ-૧૯ બાબતે જરૂરી તકેદારી રાખવા સમજ કરેલ.

(૨) તા.૨૪/૦૫/૨૦૨૧ થી તા.૩૦/૦૫/૨૦૨૧ સુધી કમલાબાગ પો.સ્ટે. ના અધિકારી/કર્મચારીઓ દ્વારા પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગ દરમ્યાન કોવીડ-૧૯ ના સક્રમંણને ધ્યાને લઈ ૧૩૦ માસ્કનુ વિતરણ કરવામાં આવેલ. લોકોને કોવીડ-૧૯ બાબતે સરકારશ્રીએ બહાર પાડેલ ગાઈડલાઈનનુ પાલન કરવા અને કોવીડ-૧૯ બાબતે જરૂરી તકેદારી રાખવા સમજ કરેલ.

(૩) તા.૨૪/૦૫/૨૦૨૧ થી તા.૩૦/૦૫/૨૦૨૧ સુધી ઉદ્યોગનગર પો.સ્ટે. ના અધિકારી/કર્મચારીઓ દ્વારા પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગ દરમ્યાન કોવીડ-૧૯ ના સક્રમંણને ધ્યાને લઈ ૨૭૫ માસ્કનુ વિતરણ કરવામાં આવેલ. લોકોને કોવીડ-૧૯ બાબતે સરકારશ્રીએ બહાર પાડેલ ગાઈડલાઈનનુ પાલન કરવા અને કોવીડ-૧૯ બાબતે જરૂરી તકેદારી રાખવા સમજ કરેલ.

(૪) તા.૨૪/૦૫/૨૦૨૧ થી તા.૩૦/૦૫/૨૦૨૧ સુધી મહિલા પો.સ્ટે. ના અધિકારી/કર્મચારીઓ દ્વારા પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગ દરમ્યાન કોવીડ-૧૯ ના સક્રમંણને ધ્યાને લઈ ૭૫ માસ્કનુ વિતરણ કરવામાં આવેલ. લોકોને કોવીડ-૧૯ બાબતે સરકારશ્રીએ બહાર પાડેલ ગાઈડલાઈનનુ પાલન કરવા અને કોવીડ-૧૯ બાબતે જરૂરી તકેદારી રાખવા સમજ કરેલ.

જે આપશ્રીને વિદિત થાય.

(ભરત પટેલ)
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર